પોલીસ કમિશનરની કચેરી, શાહીબાગ, અમદાવાદ શહેર
ફોન નં- ૦૭૯-૨૫૬૨૦૦૫૩, email: lb-cp-ahd@gujarat.gov.in

ક્રમાંક . જ/૬૫૬/નવરાત્રી જાહેરનામું/૬૪૪૭/૨૦૨૨ તા:૨૨/૦૯/૨૦૨૨

## જાહેરનામું

પોલીસ કમિશનર, અમદાવાદ શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં જાહેર જનતાને થતી હેરાનગતિ અટકાવવા માટે ગુજરાત પોલીસ અધિનિયમ- ૧૯૫૧ની કલમ-૩૩(એન), ૩૬(ઈ), (એ) અને ૩૮ હેઠળ મળેલ સત્તાની રુએ હું સંજય શ્રીવાસ્તવ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર આથી ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં **તા:૨૬/૦૯/૨૦૨૨ થી તા:૦૪/૧૦/૨૦૨૨ સુધી** કોઈ પણ ખાનગી કે જાહેર સ્થળે **રાત્રીના કલાક:૧૨:૦૦** વાગ્યા પછી કોઈપણ રાસ-ગરબા કે કાર્યક્રમમાં માઈક તથા લાઉડ સ્પીકર ચાલુ રાખી શકાશે નહીં. માઈક તથા લાઉડ સ્પીકરનો ઉપયોગ નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંન્ટ્રોલ) રુલ્સ-૨૦૦૦ ની કલમ- ૫(૨)(૩) ની જોગવાઈઓને આધિન તથા ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગના તા:૨૧/૦૯/૨૦૨૨ ના જાહેરનામાં ક્રમાંક: GVN-2021-07-ENV-10-2014-T.cell ની જોગવાઈ મુજબ રાત્રીના ૧૨:૦૦ વાગ્યા સુધી કરવાનો રહેશે. ત્યારબાદ કોઈ પબ્લીક એડ્રેસ સિસ્ટમ / લાઉડ સ્પીકર વગાડવું નહીં.

**-:વિસ્તાર :-**

અમદાવાદ શહેર,પોલીસ કમિશનરના કાર્યક્ષેત્ર હેઠળનો સમગ્ર વિસ્તાર

**:-શિક્ષા :-**

આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧, ૧૩૪, ૧૩૫, ૧૩૬ અને ઈપીકો કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

**-: જાહેર વિજ્ઞાપન :-**

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેને નકલો ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media એકાઉન્ટસ ઉપર તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન ઉપરથી બહોળી પ્રસિધ્ધિ કરાવવી.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ. અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧, ૧૩૪, ૧૩૫, ૧૩૬ અને ઈપીકો કલમ-૧૮૮ મુજબ ફરિયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તારીખ :૨૨/૦૯/૨૦૨૨ એ મે મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

COMMISSIONER OF POLICE A'BAD CITY

તા. ૨૨/૦૯/૨૦૨૨
અમદાવાદ શહેર.

(સંજય શ્રીવાસ્તવ)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર.

**નકલ સવિનય રવાના :**

૧.મેનેજરશ્રી સરકારી પ્રેસ અને સ્ટેશનરી વિભાગ, વડોદરા
૨/- ગુજરાત સરકારમાં પ્રસિધ્ધ કરવા સારુ

૨. અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગર
૩. પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા, પોલીસ ભવન, ગાંધીનગર.
૪. કલેકટરશ્રી, જીલ્લા કલેકટરની કચેરી, સુભાષબ્રીજ, અમદાવાદ
૫. અમદાવાદ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, ગુ.રા, અમદાવાદ (૫ નકલ )
૬. રજીસ્ટ્રારશ્રી, સીવીલ અને સેશન્સ કોર્ટ ભદ્ર, અમદાવાદ (૫ નકલ )
૭. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, ધીકાંટા, અમદાવાદ (૨૫ નકલ )
૮. મ્યુનીસીપલ કમિશ્નરશ્રી, દાણાપીઠ, અમદાવાદ શહેર
૯. પબ્લીક પ્રોસીક્યુટરશ્રી, સીટી સીવીલ અને મેટ્રોપોલીટનની કોર્ટ, અમદાવાદ શહેર
૧૦. સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી, અમદાવાદ શહેર
૧૧. માહીતી નિયામકશ્રી, સચિવાલય, ગાંધીનગર ( ૨ નકલ)
૨/- જાણ સારુ અને દૈનીક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારુ

<u>નકલ રવાના :</u>

૧. સં.પો.કમિ.શ્રી, સેકટર-૨, અમદાવાદ શહેર
૨. અધિક પો.કમિ.શ્રી, સેકટર-૧, ક્રાઈમ, વિશેષ શાખા, અમદાવાદ શહેર
૩. નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ઝોન-૧ થી ૭, અમદાવાદ શહેર
૪.તમામ નાયબ પોલીસ કમિશનરશ્રી, ટ્રાફીક,અમદાવાદ શહેર.
૫. મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, એ થી એન ડીવીઝન, અમદાવાદ શહેર
૬. જન સંપર્ક અધિકારીશ્રી, કન્ટ્રોલ રુમ, અમદાવાદ શહેર
/- જાણ સારુ દૈનીક પત્રોમાં/દુરદર્શન/આકાશવાણી પર પ્રસિધ્ધ કરવા સારુ
૭. તમામ પોલીસ ઇન્સ્પેકટરશ્રી, તમામ પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર
/- જાણ સારુ તેમજ પો.સ્ટે વિસ્તારમાં જાહેરાત માટે અને અમલ થાય તેની તકેદારી રાખવા સારુ
૮. મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક (વહીવટ) શાખા, અમદાવાદ શહેર (૮ નકલ )
/- ટ્રાફીક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારુ